# પ્રકરણ

# ૭

(પરિશિષ્ટ - અર્વાચીન ગુજરાતી કવિતામાં દુહાનો પ્રયોગ)

## અર્વાચીન કવિતામાં દુહાનો પ્રયોગ

*નર્મદ અને દલપતરામથી શરૂ કરીને મણિલાલ હ. પટેલ કે વિનોદ જોષીની કવિતામાં દુહાનો પ્રયોગ જોવા મળે છે. દુહાની આ યાત્રામાં દુહાએ વિષય અને ભાવનાં તમામ ક્ષેત્રોમાં વિહાર કર્યો છે. દલપતરામ, નર્મદ, વલ્લભદાસ પોપટ કે અન્ય કવિઓની કવિતામાં દુહાનો ઉપયોગ ઉપદેશબોધ આપવા માટે થયો છે. પંડિતયુગમાં નરસિંહરાવ જેવા કવિની કવિતામાં દુહો ગહન ભાવનો વાહક બન્યો છે તો કલાપીએ 'હમીરજી ગોહિલ'માં માતૃપ્રેમને આલેખવા માટે દુહાનો ઉપયોગ કર્યો છે. ગાંધીયુગમાં સુંદરમ્, રા.વિ.પાઠક જેવા કવિઓની કવિતામાં પણ દુહાનો ઉપયોગ મળે છે. આધુનિકયુગના રમેશ પારેખ, અનિલ જોષી કે વર્તમાન સમયના કવિઓ વિનોદ જોષી, મણિલાલ હ. પટેલ, મનહર જોષી, મનોહર ત્રિવેદી જેવા કવિઓની કવિતાઓમાં દુહાનો પ્રયોગ જોવા મળે છે. તેને સદૃષ્ટાંત અહીં જોઈએ :*

### દલપતરામની કવિતામાં દુહાનો પ્રયોગ

*નૃપ રૈયતને લૂટતા, વળિ તસ્કરની જાત;*
*વાડ ખેતરો ખા ત્યાં, વનચરની શી વાત !*

*વિસર્યા વિક્રમ ભોજ નૃપ, વિસર્યું રઘુકુળ આજ;*
*થયું નથી થાશે નહીં, એવું રાજ્ય છે આજ.*
*(ઈંગ્રેજી રાજ્ય પ્રકરણ)*

●●●

*ઈચ્છા કરી ગવરનરે, જોવા સઘળો દેશ;*
*સાથે લીધા સજ્જનો, જેની બુદ્ધિ વિશેષ.*
*(ગવરનર એલફીન્સ્ટન સાહેબ આગમ વર્ણન)*

●●●

*પ્રીત કરી સુખ પામવા, ઉપજ્યો ખેદ ખંચિત;*
*પ્રીત ન કરશો કોઈશું,પ્રીત રીત વિપરીત.*

*વિનાશવાળી વસ્તુ જે, તે સાથે શો સ્નેહ;*
*સદા ગયા પછી સાંભરે, દિનદિન દાઝે દેહ.*
*(ફાર્બસ વિરહ )*
*(દલપત કાવ્ય ભાગ - ૨, માંથી)*

*કવિ દલપતરામે પોતાની કવિતામાં દુહાની સાથે-સાથે સોરઠાનો પ્રયોગ પણ કર્યો છે.*

**કવિ નર્મદની કવિતામાં દુહાનો પ્રયોગ**

*મિઠિ કવિતા મેં તુજ શું, પૂરણ બાંધસ પ્રીત;*
*સુખ આપ દુઃખ આપ વા, હું ત્હારે વશ નીત.*

●●●

*તન પર સુરખી લાલ, ઉડી રહેલી ચડતીમાં;*
*ધૂળ ઊડે છે હાલ,ભૂંડી દુઃખ્દા પડતીમાં*

●●●

*આ તે શા તુજ હાલ, 'સૂરત સોનાની મૂરત !'*
*થયા પૂરા બેહાલ, સુરત તુજ રડતી સુરત !*

●●●

*કરી શૃંગારી વનતણો, ચંદ્ર હૃદયનો જેહ;*
*ચિત્ર ખરું આપે વળી, રસિક કવિ તેહ.*

*મોહરૂપ સંસાર છે, ક્ષણભંગુર વણસાડ;*
*માણસ નિત્ય ઠગાયને, પાપો કરે અનાડ.*

●●●

*માટે આવ માનવી, રાખી રહે સત્સંગ;*
*નિશદિન હરિની લેહમાં, રમ તું રૂડો રંગ.*
*(નર્મદનાં કાવ્યોમાંથી)*

**વિઠ્ઠલરાય યજ્ઞેશ્વર આવત્સ્થી**

*ડુંગર કેરી ખીણમાં, ગાંભું નામે ગામ;*
*ખેતી કરતો ખન્તથી, પટેલ પાંચો નામ.*

*સીમ થકી છેટી હતી, વાડી એક વિશાળ;*
*ભોંય બધી ભભગરી અને, રૂડી અધિક રસાળ.*

*વાડ ગયો વેચાઈને, વીતી ગઈ છે વાત;*
*તો પણ દેખા દે કદી, મીઠી માથે ભાત.*
*(આપણી કવિતા સમૃદ્ધિ - પૃષ્ઠ ૫૯*
*બ.ક.ઠાકોર)*

**ભગવાનલાલ ડુંગરશી પાઠક**

*અરર ઈશ આ શું થયું, મુખે કહી ન શકાય;*
*નવલરામ સ્વર્ગે ગયા, કહેતાં જિભ કપાય.*

*છું જાગૃત કે ઉંઘમાં, ગઈ શુદ્ધિને સાન;*
*શું વાત હશે ખરી,એમ બન્યો બે ભાન.*

*સૌ જનના હિત કારણે, કહી કથા સુખકાર;*
*વાંચે કે શ્રવણે સુણે, ધન તેનો અવતાર.*
*(નવલરામ વિરહમાંથી)*

**શેઠ વલ્લભદાસ પોપટ**

*વલ્લભદાસની વીનતી રે દેશિયો હિંદુ નારી હેવાન;*
*અરે એના સહવાસથી રે દેશિયો સુવુ ભલું સમશાન.*

*(હિંદુ સ્ત્રી વિષે, પૃષ્ઠ ૧૩૨, સુબોધચિંતામણિ)*

**નરસિંહરાવ દિવેટિયા**

*એમ વદીને નાર, સહસા આંસુ રેડતી;*
*સ્વપ્નાનો શો સાર, હશે કારમો નાથ ઓ ?*

*અભાગણી હું મોઈ, ઊંધી મતિ શાણે સૂઝી;*
*બીજું જડયું નહિ કોઈ, કપોતપ્રેમી શેં હણ્યો ?*
*'ઉત્તરા અને અભિમન્યુ' માંથી*

●●●

*નાથ સમીપ સૂતી હતી, મૃદુ શય્યામાં જેહ;*
*અર્ધ ઊઠી ત્હ્યાં રાણીએ, તજી પ્રાવરણે દેહ.*

*કરતલ બે ભાલે ધર્યા, ઉર ઉછળે અવિરામ;*
*કરગર અશ્રુ ઢાળતી, સુંદરી એ ગુણધામ.*

*સિદ્ધાર્થ તણો કર પછી, ચુમ્બ્યો કંઈ ત્રણ વાર;*
*ત્રીજે ચુમ્બને કરુણ રવ, કીધો મૃદુ ઉચ્ચાર.*
*'મહાભિનિષ્ક્રમણ'માંથી*

**બ. ક. ઠાકોર**

*મોત, જીવતું મોત, બેમાં વધુ વસમું કયું ?*
*એ જ્ઞાનાગ્નિ જ્યોત થકી ભલે ઉગર્યાં સખી !*

**કલાપી**

*પણ માતાનો પ્રેમ, જાણે એક જ માવડી;*
*બીજાં ભીનાં નેણ, દુનિયાની માયા ખરી.*

*બચલાં વીંછણ ખાય, વીંછણ ડંખ ન આપતી;*
*માનો મર જીવ જાય, ઊની આંચ દીએ નહીં.*

*મા ! ચડતો સગ્રામ, અમર બાલ તુજ આ હજો;*
*એનો રક્ષણહાર, ચૌદ લોકનો નાથ હો.*
*('હમીરજી ગોહેલ'માંથી)*

**ન્હાનાલાલ**

*રસતરસ્યાં જગબાળ, રસની રીત ન ભૂલશો;*
*પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી.*

**રા.વિ. પાઠક**

*સાંભળો છો કે શાયબા, મારી કાયા કરમાણી;*
*એક માખીને કારણે, મારી ઊંઘું વીંખાણી.*

*પોઢી હતી પલંગમાં, વસમાં દી વૈશાખ;*
*વાયરો રહે ગ્યો વાલમાં, મારે મોઢે બેઠી માખ.*

*ઊડાડું તો ઊંઘ ઊડે, ને ઓઢું તો અકળાઉં;*
*ધાડ પડે ધોળે દિયે, હું લાખેણી લૂંટાઉં.*

*રેવું ન તારા રાજમાં, મર કાળા કળેળે કાગ;*
*નીંદર નાવે નેનમાં, મારે અંગે ઊઠે આગ.*
*'એક રાજપૂત ટેકના મધ્યકાલીન કિસ્સાના દુહા'*
*'શેષનાં કાવ્યો'માંથી*

**દુલા ભાયા કાગ**

*સષ્ટિ હસી સજે, અખિલ અનાદિ અનંત;*
*હિય નવરંગ માય હસે, કાલ હસે કરી અંત.*

*અંતરમાં બળતી આગ, અધ ઘડીએ ઓલાતી નઈ;*
*(ત્યાં તો) જો ઝાકી જગ તાગ, આજ બાવે બાથ ભરી.*

*ધરું છંદ ધરણી ધરં, પદપંકજ પર રૂપ;*

*રસના રણ રણછોડજી, ભૂમિ કોટિ જય ભૂપ.*

*એક દિવસ આનંદ ધર, હર હરદમ હરખાય;*
*કરન નાચ તાંડવ કજુ, બહહુ બિધિ કેફ બનાય.*

*કરન વાર ગો સંતકી, કૃષ્ન કૃપાક્ષ કૃપાલ;*
*અજ અખંડ અંજન અતીત, પ્રગટન જન પ્રતિપાલ.*

*ક્રોધે જવાળ જડપ્યો નહિ, ન કરી લોભે આળ;*
*ધર સોરઠના પાટવી, નમો પાળ-નરમાન.*
*'કાગવાણી ભાગ -૧' માંથી*

**સ્નેહરશ્મિ**

*કુદરત સીંચે ફૂલમાં રૂપ રંગ ને ગંધ;*
*કવિ તેને ગાતાં કરે નિત્ય નવે પદબંધ.*

*ભર્યા ભર્યા ચઢીને ળલી, વરસી વેળ અનન્ત;*
*મુક્ત બની પાછા વળે કાં મેઘો કાં સન્ત.*

*એકલપાંખ ઉડાયના, એકલ નહીં હસાય;*
*એક રવિ નભ સંચરે એની ભડકે સળગે કાય.*

*વર્ષા સમ વારિ નહીં, નહીં માતા સમ ત્યાગ;*
*વેણ સમી ચિનગારી નહીં, વૈર સમી નહિ આગ.*

*ત્યાગ થકી લઘુતા ટળે, ત્યાગે રિદ્ધિ સદાય;*
*લહાણ કરંતા વારિની, ઝરણાં સરિતા થાય.*

*દિન ઊગે દિન આથમે, રાત નહીં ચિરકાળ;*
*નીચી ઊંચી ફર્યા કરે, જીવનની ઘટમાળ.*

*નમતાંને સહુ કો નમે, સહુ કો દે સન્માન;*
*સાગરને નદીઓ ભજે, છોડી ઊંચાં સ્થાન.*

*ઝરમર વરસે મેહુલો, આ તો માઝમ રાત;*
*મનને મારા ભીંજવે, કિયા જનમની વાત.*
*'સકલિત કવિતા' -'ઉજાણી'*

**સુંદરમ્**

*હે ચકવા, મત રોય, તુંથી હું દુખિયો ઘણો;*
*પણ આંસુ આંખ ન જોય, મર ફાટે આખું હૃદય.*

*રાત પ્રહરની ચાર, કેવળ આડી તાહરે;*
*જુગજુગની લંઘાર, હું ને પિય બિચ, બંધવા.*

*રુવે ન વ્હાણાં વાય, ચકવા, સાદી વાત એ;*
*સૂર ઊગે નિશ જાય, એ કળ હાથ કશે બને ?*
*'ચકવાને' - 'યાત્રા'માંથી*

●●●

*તુલસી ! આ સંસારમાં, ભાતભાતનાં લોક;*
*કો જાડા કો પાતળા, ઘટે ન તેનો શોક.*

*ઘટે ન એનો શોક, કોઈ ઊંચું કો નીચું;*
*કો'નું શુક સમ નાક, કોકનું તદ્દન ચીબું.*

*કો રોગી કો મલ્લ, કોઈ ભોગી કો તપસી;*
*સહુ સમતાથી માણ, થયા વડ કે જો તુલસી.*

**ઉમાશંકર જોષી**

*પર્વત હૈયે ઘાવ, દૂઝયો કારી રાત-દી;*
*એ તો દુઃખ પ્રભાવ, કે ઝરણું સાગર સૂતું !*

*થયું રણે જઈ ખાખ, માડીઉર પલળ્યું અરે !*
*પ્હોંચાડયું દઈ સાથ, ફરી મળવાં તો દોહયલાં.*

*કયાં મોજું કયાં ભોમ ? મઝધારે રમણા ચગી !*
*સ્વાતિ વરસવા કોડ, કયાં ગિરિવર કયાં મેહુલા ?*
*'માવતર ને' - 'ગંગોત્રી' માંથી*

**તનસુખ ભટ્ટ**

*આવળ બાવળ બોરડી, છેદ્યાં તો છેદાય;*

*ગાંઠ હ્યદય નીંગઠ પડી, ભેદી કેમ ભેદાય ?*

*હેમાળાના હેમ, હૈયાં સાધુ સંતનાં;*
*અગન લાગે એમ, ગળશે પણ બળશે નહીં.*

*કથણીથી કરણી ભલી, કરણીથી ભલી સૂઝ;*
*(પણ) અંતર અબૂઝ, (તો) હેત હરિનું જાચીએ.*

**રમેશ પારેખ**

*મારે ફળિયે પાંગર્યો તમે નામનો છોડ;*
*પ્હેર્યો લીલો મોડ મારી ખંડેરવંતી મેડીએ.*

*કોઈ રંગોળી પૂરે તોરણ બાંધે કોઈ;*
*ઘેઘૂર તમને જોઈ હું શણગારું છું આંખને.*

*ખાલી ઘમ્મર શ્વાસમાં સાત પગથિયે જળ;*
*થયા થયા જળહળ કંઈ બત્રીસ કોઠા વાવના.*

*હે રસ્તા, ચાલ્યા જજો મારા ઘરથી દૂર;*
*ઘરમાં આવ્યાં પૂર એને પાછાં વળવા નહીં દઉં.*

*ચશ્માંવંતી આંખને કાચ વગરનું સુખ;*
*સ્પર્શું છું સન્મુખ એક ઝાંઝરભીના દ્રશ્યને.*
*'દિવાસ્વપ્નના દુહા' માંથી*
*'ખડિંગ'*
*વીંછી ચડિયો હોત તો એનો થાય ઉતાર;*
*આ તો વણઝારુંનો ભાર, એને કેમ ઉતારું કાંધથી ?*

*પાંપણ તો લચકો થઈને હાથ બન્યો ખંડેર;*
*તલવાર્યુંની પેર, હવે ઝાંઝર વાગે ઝાટકા.*

*લાખા સરખી વારતાને રૂંવેરૂંવે મોર;*
*ફાગણ આઠે પહોર, તમે જીવમાં રોપ્યો જીવતા…*

*કોણ વછોયું કોણથી, ને વચમાં ઊભું વન;*
*છેતરતાં લોચન, હવે એકબીજાંને એકલાપ...*
*'લાખા સરખી વારતા' માંથી 'ત્વ'*

**રાવજી પટેલ**

*ગગન ગુફા ફાટી પડે ને તારા લબ લબ થાય;*
*નીસર્યો તારો આત્મો અહીંથી હુંશીલાલ.*

*ઝાંખાં ઘર પાદર થયાં ઝાંખી માનવજાત;*
*સૂરજ રોડું થઈ ગયો મરતાં હુંશીલાલ.*

*પીપળ ડાળ ખરી પડી ખરી મરદની મૂંછ;*
*રંડાપો મરદોને મળ્યો મરતાં હુંશીલાલ.*

*જીવતાં મુજથી ના થયું જે થયું છાનું થયું;*
*તે રચ્યું મરશિયા આજ મરતાં હુંશીલાલ.*
*'સ્વ. હુંશીલાલની યાદમાં'માંથી રાવજી પટેલની કાવ્યસૃષ્ટિ*

**સિતાશું યશશ્ચંદ્ર**

*રાતો સાગર ચઢયો હિલોળે, એના હિંસ્ર ગરજતા લોઢ;*
*તળિયાના અંધારને અમે, થઈ આવ્યા મોઢામોઢ.*

*અંધકાર તળિયે જઈને જોયું તો, સ્થિર જ્યોતિ;*
*વડવાનલ જેમ ઝલકી ઊઠતું ઝંખાનું જે મોતી.*

*ઝંખું ઝખું તારાં દરસ ને તું કેવળ અણસાર;*
*તારું હોવું મને અડકતું થઈ છેક જ તીણી ધાર.*

*લોચનથી હેરાય નહીં, તું છે જ નહીં જાણે સાવ;*
*(મારો) કર લંબાતો નજર થઈ(તો) તુજ દરસ મળે થઈ ઘાવ.*
*'સૂફી દોહરા' - 'જટાયુ'*

**મણિલાલ હ. પટેલ**

*મઘમઘ માટી મ્હેકતી રગરગ હળ અંકાય;*
*નિર્મળ કન્યા કોડ લઈ વ્રત ઊજવવા જાય.*

*ઊતર્યા દેવો આભથી ચારે બાજુ વાસ;*
*અડકોદડકો રમ્યા કરે તડકા સાથે ઘાસ.*

**વિનોદ જોષી**

*દૂધમલ કાચો કૂમળો વિનિયો ભડકાબોળ;*
*લજ્જાદે મોઝાર મેલે વાવડ મોતના.*

*ઝમરક તારાં સોણલાં નીંદર મારી રાખ;*
*અગનિના અણસાર, ખડકયા મારે ખોળિયે.*
*'મરતાં મરતાં આટલું'*
*ઝાલર વાગે જૂઠડી*

●●●

*વિમલી તારી યાદનો બરો મૂતર્યો બાપ;*
*રાતે આવ્યો તાવ હૈયું ગણગણગોશલો.*

*અંધારામાં ઑગળે કબૂતરાંની પાંખ;*
*ઠોલે લક્કડખોદ મારે આંગણે ઊંઘને.*
*'પ્રીયસીનું VISION અનુભવ્યાનો સાર'*
*ઝાલર વાગે જૂઠડી*

●●●

*આ રઘવાયા હાથનાં ખૂલી ગયાં મેદાન;*
*આંગળિયું આજ અક્ષર ઘોડા ખેલવે.*

*હમ્બો હમ્બો આંખમાં ઝીંકું માઝમ રાત;*
*પરોઢિયે પોંખાય સૂરજ તારા નામનો.*
*'જત લખવાનું આટલું યાને વિમલીનો પત્ર'*
*ઝાલર વાગે જૂઠડી*

*સુધારકયુગમાં ગુજરાતી કવિતામાં જ્યારે નવા વિષયોનું આલેખન થવા લાગ્યું હતું ત્યારે મધ્યકાળમાં વિશેષ પ્રયોજાતા દુહાનો છુટથી ઉપયોગ સુધારક યુગની કવિતામાં જોવા મળે છે. નર્મદ – દલપતની કવિતામાં દુહાનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થયો છે. દલપતરામે પોતાની કવિતામાં માત્રામેળ છંદનો વિશેષ ઉપયોગ કર્યો છે. તેમાં દુહાનો ઉપયોગ પણ કર્યો છે. નર્મદ માટે કવિતામાં છંદ નહીં પણ ભાવ અગત્યનો હતો, છતાં પણ નર્મદની કવિતામાં દુહાનો ઉપયોગ મળે છે.*

*વિઠ્ઠલરાય યજ્ઞેશ્વર આવસત્થીએ 'મીઠી માથે ભાત' પ્રસંગકાવ્ય દુહામાં લખ્યું છે. ભગવાન લાલ ડુંગરશી પાઠકે 'નવલરામ વિરહ' કાવ્યમાં છૂટથી દુહાનો ઉપયોગ કર્યો છે. શેઠ વલ્લભદાસ પોપટે 'સુબોધચિંતામણિ' કાવ્યમાં ઉપદેશ-બોધ માટે દુહા અને સોરઠાનો ઉપયોગ કર્યો છે.*

*સુધારકયુગની કવિતાનો ઉદ્દેશ્ય સંસાર સુધારાનો હતો. કવિતા ઉપયોગ ઉપદેશ માટે કવિઓ કરતા હતા. નર્મદની કવિતાઓને બાદ કરતા અન્ય કવિઓએ જે દુહાનો ઉપયોગ કર્યો છે, તેમાં કાવ્યસૌદર્ય કરતા વર્ણનો અને બોધ આગળ તરી આવે છે. છતાં પણ એક બાબત નોંધનીય છે કે સુધારકયુગમાં દુહાનો ઉપયોગ કવિઓએ વિશેષ કર્યો છે.*

*પંડિતયુગમાં નરસિંહરાવ દિવેટિયા, કલાપી, બ.ક. ઠાકોર, ન્હાનાલાલ જેવા મોટા ગજાના કવિઓએ પોતાની કવિતામાં દુહાનો પ્રયોગ કર્યો છે. નરસિંહરાવ દિવેટિયા અને કલાપીએ ખંડકાવ્ય જેવા ગંભીર કાવ્યપ્રકારમાં દુહાનો સુંદર વિનિયોગ કર્યો છે. બ.ક. ઠાકોર અને ન્હાનાલાલે સુભાષિતમાં દુહાનો વિનિયોગ કર્યો છે. પંડિતયુગમાં દુહો વિષયગાંભીર્ય તરફ આગળ વધે છે. ખંડકાવ્ય જેવા ગંભીર કાવ્યપ્રકારમાં દુહાનો વિનિયોગ દુહામાં રહેલ ગંભીર ભાવને વર્ણવવાની ક્ષમતાને બતાવે છે.*

*ગાંધીયુગમાં રા.વિ.પાઠક, સુંદરમ્, ઉમાંશંકર જોષી, સ્નેહરશ્મિ, દુલા ભાયા કાગ, તનસુખ ભટ્ટ જેવા કવિઓની કવિતામાં દુહાનો પ્રયોગ થયો છે. રા.વિ. પાઠક અને સુંદરમે દુહાનો ઉપયોગ હાસ્યરસ માટે કર્યો છે. સ્નેહરશ્મિએ મુક્તકોમાં દુહાનો પ્રયોગ કર્યો છે. દુલા ભાયા કાગે લોકહૃદયની ઊર્મિઓના આલેખન માટે દુહાનો પ્રયોગ કર્યો છે. ગાંધીયુગમાં પણ દુહાની સરવાણી કવિતામાં સતત વહેતી રહી છે.*

*અનુઆધુનિકયુગની કવિતામાં રમેશ પારેખ, રાવજી પટેલ, સિતાશું યશશ્ચંદ્ર, મણિલાલ હ. પટેલ, વિનોદ જોષી વગેરેની કવિતામાં દુહાનો પ્રયોગ મળે છે. રમેશ પારેખે વ્યક્તિ કાવ્યમાં અને વિરહરસમાં દુહાનો પ્રયોગ કર્યો છે. રાવજી પટેલે મરશિયામાં સોરઠાનો ઉપયોગ કર્યો છે. મણિલાલે પ્રકૃતિ કવિતા માટે દુહાનો પ્રયોગ આકર્ષક રીતે કર્યો છે. વિનોદ જોષીએ પ્રણય-વિરહ માટે દુહાનો ઉપયોગ કર્યો છે.*

*ટૂંકમાં સુધારકયુગથી લઈ વર્માન સમય સુધીના કવિઓની કવિતામાં દુહાનો ઉપયોગ મળે છે. શિષ્ટસાહિત્યમાં પ્રણય, શૌર્ય, પ્રકૃતિ, ઉપદેશબોધ, હાસ્ય માટે દુહો વપરાતો રહયો છે.*